# પશુઓમાં સંવર્ધનનું મહત્વ

**ડૉ. સાગર એ. પટેલ, શ્રી બિપીન એમ. વહુનિયા,**
**શ્રી શ્રેયાંસ એન. ચૌધરી**
**શ્રી કશ્યપ વી. પટેલ, ડૉ. પ્રતિક પી. જાવિયા**

નફાકારક પશુપાલન માટે ખોરાક જેટલો અગત્યનો છે તેટલુંજ પશુઓમાં સંવર્ધન પણ અગત્યતા ધરાવે છે. પુખ્ત ઉંમરની પાડી/વાછરડી સમયસર ગાભણ બને તો આપણને તે વધુ સંખ્યામાં વેતર આપી શકે છે. તેમજ વિયાણ બાદ ગાય/ભેંસને સમયસર ફેળવવામાં આવે તો સમયસર વેતર મળે છે. સામાન્ય રીતે ગાય/ભેંસમાં બે વિયાણ વચ્ચેનો ગાળો ૧૨ થી ૧૫ માસ હોય તો તે પશુપાલન ફાયદાકારક નીવડે છે. આ ઉપરાંત પુખ્ત થયેલ પાડી આશરે અઢી વર્ષે તેમજ વાછરડી બે વર્ષે ગાભણ થઈ જવી જોઈએ. પશુઓમાં વિયાણ બાદ તેના ગર્ભાશયને મૂળ સ્થિતિમાં આવતા ૪૫ દિવસ જેટલો સમય લાગે છે. આથી વિયાણ બાદ પશુ ૩૦–૩૫ દિવસે ગરમી બતાવે ત્યારે તેને ફેળવવું જોઈએ નહિ આ સમયે તેનાં ગર્ભાશયનું પૂરે પુરી સંકોચન થયેલ ન હોવાથી આ સમયે પશુને ગર્ભધાન થઈ શકતું નથી આથી ત્યાર બાદ ફરીથી ૧૮–૨૧ દિવસે પશુ ગરમી બતાવે છે આ સમયે પશુને ગર્ભધાન માટે બીજદાન કરાવી શકાય અથવા તો સાંઢ/પાડા પાસે કુદરતી રીતે ફેળવી શકાય છે. આમ પશુંને વિયાણ બાદ બે થી ચાર મહિનામાં ફેળવી દેવામાં આવે તો પશુમાં બે વિયાણ વચ્ચેનો ગાળો ૧૨ થી ૧૫ મહિના સુધીનો જાળવી શકાય છે. તેથી દરેક પશુપાલકે પશુમાં ગરમી / વેતરમાં આવવાનું



પરીક્ષણ ચોક્કસ રીતે કરવું જોઈએ જેથી તે પશુ ફેળવ્યા વગરનું રહી ના જાય.

**પશુઓમાં ગરમીનું પરીક્ષણઃ**

કુદરતી રીતે જોઈએ તો ભેંસો ગાય કરતા ઓછા સમય સુધી વેતરમાં રહે છે તેમજ તે વેતર કે ગરમીમાં આવવાના ચિન્હો ગાય જેટલા દર્શાવી શકતુ નથી અને ઘણી વાર મંદ ગરમીને લીધે પણ પશુ વેતરમાં આવેલ હોય તે ઓળખી શકાતુ નથી. પ્રજનન કે વંધ્યત્વ સમસ્યામાં પાડો અને ભેંસ બંને જવાબદાર હોય શકે છે. પશુઓ સામાન્ય રીતે ઠંડા સમયે રાત્રે કે વહેલી સવારે ગરમીમાં આવતા હોય છે. આથી પશુપાલકોએ રાત્રે અને વહેલી સવારે પશુનું ખાસ નિરીક્ષણ કરવું જોઈએ.

**ગરમીમાં આવેલ પશુને ક્યારે ફેળવવું જોઈએઃ**

સામાન્ય રીતે ગાયને જો તેની મધ્ય ભાગમાં એટલે કે ચિન્હો શરૂ થયા પછીના ૧૨ થી ૧૬ કલાકમાં તેમજ ભેંસોમાં ૧૪ થી ૨૦ કલાકમાં કુત્રિમ બીજદાન કરાવવું જોઈએ. આ સમયે બીજદાન કરાવવાથી બંને બીજનાં સફળ મિલનથી ગર્ભધારણની ટકાવારી વધે છે. જો આપણે તેને બંધાવવાનું એક વાર ચુકી જઈએ તો ફરીથી ૧૮–૨૧ દિવસે તે ગરમીમાં આવે છે આમ તે પશુ આપણને ૨૧ દિવસ મોડું વેતર આપશે તેથી ૨૧ દિવસનું દૂધ ઉત્પાદન આપણે ગુમાવવું પડે છે. આથી આ ખોટમાંથી બચવાં અને પશુપાલનને વધુ નફાકારક બનાવવા પશુનું નિયમિત પરીક્ષણ કરીએ અને સમયસર ગર્ભધાન કરાવીએ.

## ગાય અને ભેંસમાં ગરમીનાં ચિન્હોમાં જોવા મળતો તફાવતઃ–

| અનુ | ગાય | ભેંસ |
|---|---|---|
| ૧ | ગાયમાં ગરમીનો સમય ટુંકો ૧૨ થી ૨૪ કલાકનો હોય છે. | ભેંસમાં ગરમીનો સમય ૨૪ થી ૨૬ કલાકનો હોય છે. |
| ૨ | ગાયમાં ચિન્હો વધુ પ્રબળ હોય જોઈ શકાય છે. | ભેંસમાં આ ચિન્હો ઓછા પ્રબળ હોય અને ભેંસોમાં શાંત ગરમી પણ જોવા મળે છે. |
| ૩ | ગરમી સળંગ હોય છે. | ગરમી તુટક તુટક જોવા મળે છે. |
| ૪ | લાળીનો જથ્થો વધુ હોય છે. | લાળીનો જથ્થો ખુબ ઓછો જોવા મળે છે. |
| ૫ | એક ગાય બીજી ગાય ઉપર ઠેકે છે. | આ ભાગ્યે જ જોવા મળે છે. |

આથી ભેંસોમાં ગરમી પરીક્ષણ વધારે કાળજી માંગી લે છે. આમ આપણે ગાય–ભેંસનું પરીક્ષણ કરી તેને સમયસર બીજદાન કરાવીએ તો પશુપાલનમાં સમયસર વેતર મળી શકે છે. જો આપણે તેને બંધાવવાનું એક વાર ચુકી જઈએ તો ફરીથી ૧૮–૨૧ દિવસે તે ગરમીમાં આવે આ તે પશુ આપણને ૨૧ દિવસ મોડું વેતર આપશે તેથી ૨૧ દિવસનું દૂધ ઉત્પાદન આપણે ગુમાવીએ છીએ તે આપણી મોટી ખોટ છે. આથી આ ખોટમાંથી બચવાં અને પશુપાલનને વધુ નફાકારક બનાવવા પશુનું નિયમિત પરીક્ષણ કરીએ અને સમયસર ગર્ભધાન કરાવીએ.

## પશુઓમાં કૃત્રિમ બીજદાનના ફાયદાઓઃ–

૧. ઉત્તમ કક્ષાના સાંઢ/પાડાને પશુઓમાં દૂધ ઉત્પાદન વધારવા માટે મહત્તમ ઉપયોગ થાય છે.

૨. નર માદાના સંસ્કરણથી ફેલાતા રોગોને અટકાવી શકાય છે.

૩. સારી કક્ષાના સાંઢ પાડાનું સેંકડો માઈલ દુર રહેલી માદા પશુઓમાં વિર્યદાનથી ઓલાદ સુધારણાને વેગ મળે છે.



૪. નાના પશુપાલકોને સાંઢ પાડાનું પાલન કરવા કરતા કુત્રિમ બીજદાન થકી ખુબજ ઓછી કિંમતે ઉત્તમ પ્રજનન સુવિધા મળે છે.

૫. કુત્રિમ બીજદાન ઓછી ખર્ચાળ પધ્ધતિ હોવાથી ઓલાદ સુધારણામાં સરળતા રહે છે.

૬. સાંઢ પાડાનાં મૃત્યુ બાદ પણ તેનાં થીજાવેલ વીર્યનો ઉપયોગ વર્ષો સુધી થઈ શકે છે.

## કુત્રિમ બીજદાન માટે પશુપાલકોએ ધ્યાનમાં રાખવાની બાબતોઃ–

૧. સવારે ગરમીમાં આવેલ પશુને સાંજે તેમજ સાંજના ગરમીમાં આવેલ પશુને સવારે કુત્રિમ બીજદાન કરાવવું જોઈએ જેથી ગર્ભાધાનની ટકાવારી વધે છે.

૨. ગરમીમાં આવેલ પશુની તેમજ બીજદાનની પશુપાલકે નોંધ રાખવી તેથી તેને સમયસર ગર્ભપરીક્ષણ કરાવી શકાય.

૩. જો કુત્રિમ બીજદાન થયા પછી ૨૦–૨૪ દિવસમાં પશુ ગરમીમાં ના આવે તો આવા પશુને બે થી ત્રણ મહિને ગર્ભપરીક્ષણ કરાવવું જરૂરી છે. આથી તે પશુ ગાભણ છે કે કેમ તે જાણી શકાય.

૪. પશુમાં ગર્ભધાન થયેલું નથી, પશુ ખાલી છે તેને ફરીથી ગરમીમાં ન આવે તો પશુચિકિત્સકને બતાવી યોગ્ય સારવાર કરાવવી.

૫. કુત્રિમ બીજદાન માટે જે તે ઓલાદનાં જ નરનું બીજ વપરાય તે ખાસ ધ્યાન રાખવું જોઈએ.

૬. સંકર ગાયમાં કુત્રિમ બીજદાન કરતાં પૂર્વે તેની પેઢીમાં વિદેશી લોહી ૫૦ થી ૬૨.૫ ટકા વચ્ચે જળવાઈ રહે તે ખાસ ધ્યાન રાખવું.

૭. ગર્ભપરીક્ષણમાં ગાભણ જણાયેલ પશુની યોગ્ય માવજત કરવી જોઈએ તે માટે પશુચિકિત્સકની સલાહ લેવી જોઈએ.

**પશુ ગરમીમાં/વેતરમાં આવ્યાના સામાન્ય ચિન્હોઃ–**

૧. પશુ બેચેન અને ઉશ્કેરાયેલું જણાય, ખાવાનું ઓછું કરે.

૨. દુધાળા પશુમાં દૂધ ઘટે છે. S/S (ડબકે)

૩. પશુ વારંવાર ભાંભરે છે.

૪. પૂછડી ઉંચી રાખી વારંવાર થોડો પેશાબ કરે છે.

૫. બીજા જાનવર ઉપર ઠેકે છે અથવા બીજા જાનવરને પોતાના ઉપર ઠેકવા દે છે.

૬. યોની ઉપર સામાન્ય સોજો તથા અંદર લાલાશ દેખાય છે.

૭. બેચેન અને ચપળ બનવું.

૮. લાળી કરવી

૯. ગરમીમાં આવેલ માદા નર પાસે શાંતિપૂર્વક ઉભી રહે છે.

૧૦. ઋતુકાળ દરમિયાન યોનિનું તાપમાન વધુ જોવા મળે છે.


*****



भाकृ अनुप
ICAR

NAVSARI AGRICULTURAL UNIVERSITY

# પશુઓમાં સંવર્ધનનું મહત્વ



## કૃષિ વિજ્ઞાન કેન્દ્ર

**નવસારી કૃષિ યુનિવર્સિટી**

**વઘઈ – ૩૯૪૭૩૦**

Email:- kvkwaghai@nau.in

વર્ષ : ૨૦૨૧ - ૨૦૨૨

પ્રકાશન નં.૧૩૦/૨૦૨૧-૨૨